TDSBના તમામ પરિવારો,

ઓન્ટારિઓ સરકારે તાજેતરમાં જાહેરાત કરી હતી કે સ્કૂલ બોર્ડ 2021-22ના શાળા વર્ષ માટે રૂબરૂ અને વર્ચ્યુઅલ શિક્ષણના વિકલ્પો પૂરા પાડશે.

આને ધ્યાનમાં રાખીને, ટોરન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ (TDSB) પરિવારોને ઓગસ્ટની મધ્યમાં **રૂબરૂ અથવા વર્ચ્યુઅલ શિક્ષણની પસંદગીનું ફોર્મ** ઓનલાઇન ભરવાનું જણાવશે.

તે સમયે, પરિવારો પાસે મહામારીની સ્થિતિ અને શાળાના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓના રસીકરણ વિશેની અદ્યતન માહિતી હશે અને સુમાહિતગાર નિર્ણય લેવા તેઓ વધુ સારી સ્થિતિમાં હશે. રૂબરૂ શિક્ષણ માટે શાળાઓમાં આરોગ્ય અને સલામતીનાં પગલાં વિશેની માહિતી અને જીવંત, ઓનલાઇન વર્ચ્યુઅલ શિક્ષણ કેવી રીતે પહોંચાડવામાં આવશે તેના વિશે વધુ વિગતો આપવા માટે TDSB પણ વધુ સારી સ્થિતિમાં હશે.

વર્ચ્યુઅલ શાળાઓ (પ્રાથમિક અને માધ્યમિક) જે રીતે હાલમાં ગોઠવાયેલી છે તે રીતે શાળા-વર્ષ 2021-22 માટે ગોઠવાયેલી **<u>નહીં</u>** હોય**.** વર્ચ્યુઅલ શિક્ષણ વિદ્યાર્થીની પોતાની હોમ સ્કૂલ દ્વારા આપવામાં આવશે અને તેમાં હોમ સ્કૂલ અથવા એક જૂથની શાળાઓના શિક્ષકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ સાથેનું જીવંત, ઓનલાઇન શિક્ષણ સામેલ હશે.

જ્યારે અમે મહામારીમાંથી ધીમે ધીમે બહાર આવવાનું આયોજન કરી રહ્યા છીએ, ત્યારે સપ્ટેમ્બર 2021માં બધા જ વિદ્યાર્થીઓ પોતાની હોમ સ્કૂલમાં ફરીથી જોડાય તેની અમે સહર્ષ રાહ જોઇએ છીએ. અમે ઓગસ્ટના મધ્ય સુધીમાં, TDSB સ્ટાફ, વિદ્યાર્થીઓ અને પરિવારોમાં વધુ ઊંચા સ્તરના રસીકરણની અપેક્ષા રાખીએ છીએ, અને ગણતરી રાખીએ છીએ કે વધુ પરિવારો રૂબરૂ શિક્ષણની પસંદગી કરશે.

રૂબરૂ અને વર્ચ્યુઅલ શિક્ષણની પસંદગીના ફોર્મ વિશેની વધુ માહિતી ઓગસ્ટમાં પરિવારોને સીધી જ ઇમેઇલ કરવામાં આવશે. TDSB વેબસાઇટ પર પણ તમામ માહિતી અને પસંદગી ફોર્મ ઉપલબ્ધ કરવામાં આવશે.

આવી રહેલ શાળા-વર્ષની યોજના બનાવવા માટે આપણે સાથે મળીને કામ કરીએ છીએ તેમાં સતત સમર્થન કરવા બદલ આપનો આભાર!